**<u>આંક – ૬</u>**

## <u>અમદાવાદના મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ સમક્ષ.</u>

## <u>એમ.એ.ટી. અપીલ નં. ૯ / ૨૦૧૯</u>

હાકીમસીંગ ડી. ગુર્જર,
ઠે. ૮૦, કૈલાસનગર,
નવરંગ ચાલી,
સૈજપુર બોઘા, મેમ્કો, નરોડા,
અમદાવાદ. ... એપેલેન્ટ

**વિરૂધ્ધ**

રીજીયોનલ ડાયરેકટરશ્રી,
ઈ.એસ.આઈ. કોર્પોરેશન,
પંચદીપ ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ. ... રીસ્પોન્ડન્ટ

**વિષય:– મેડીકલ બોર્ડના નિર્ણયની ફેરતપાસ/ફેર વિચારણા કરવા ઈ.એસ.આઈ. એકટની કલમ – ૫૪ એ મુજબની અપીલ.**

**<u>હાજર રહયા:–</u>**
(૧) શ્રી એન. એ. ઈજનેર (ચેરમેન)
(૨) ડો. દિપક સી. મહેતા (મેડીકલ એસેસર)
(૩) શ્રી દેવેન્દ્રસિંહ એફ. રકકડ (ટ્રેડ યુનિયન એસેસર)
(૪) શ્રી નિર્મલસિંહ રકકડ (ટ્રેડ યુનિયન એસેસર)

**<u>એડવોકેટ/પ્રતિનિધિ:–</u>** એપેલેન્ટ તરફે વિધ્વાન પ્રતિનિધિશ્રી પી. એમ. રાવલ
રીસ્પોન્ડન્ટ તરફે ઈ.એસ.આઈ. કોર્પોરેશનના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રીમતિ વી. ડી. શાહ

**<u>JUDGMENT</u>**

૧. આ અપીલની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના એપેલેન્ટ અરવિંદ પ્રોડકટસ લિમિટેડ – (ડીવીઝન ઓફ અંકુર) મીલ્સના ડાઈંગ ખાતામાં જીગર મશીન મેન તરીકે ફરજ બજાવે છે. તેઓ વિમા નં. ૩૭/૦૫૩૯૪૧૯૦ અને એમ. બી. કેસ નં. ૩૬૨૫/જમાલપુર/૨૦૧૭ ધારણ કરે છે. આ કામના એપેલેન્ટને તા. ૧૬/૪/૨૦૧૫

ના રોજ ફરજ દરમિયાન કોસ્ટીક જમણી આંખમાં પડતા જમણી આંખમાં અકસ્માતે ઈજા થયેલ. સદર ઈજાના કારણે જમણી આંખમાં દેખાતું બંધ થઈ ગયેલ હોવાથી કાયમી તકલીફ પડે છે. સદર ઈજાના કારણે જમણી આંખમાં દેખાતું સંપૂર્ણ બંધ થઈ ગયેલ છે તેમજ જમણી આંખમાં સતત અને કાયમી દુ:ખાવો થાય છે, બળતરા થયા કરે છે, લાલ રહે છે તથા સોજો રહે છે. જેના કારણે ડાબી આંખથી ચીવટથી બારીક દૃષ્ટિથી જોઈ શકે તેટલું જમણી આંખથી જોઈ શકતા નથી. રોજીંદી કાર્યવાહીમાં અને ફરજોની કામગીરીમાં કાયમી તકલીફ રહે છે. અકસ્માત અગાઉ જે કામગીરી કરતા હતા તેવી કામગીરી કરી શકતા નથી અને તેઓની કમાવાની શકિતમાં ઘટાડો થયેલ છે. સદર ઈજાના કારણે સારવાર લેવી પડેલ છે અને તેથી સદર ખોડની ટકાવારી કઢાવવા અરજી કરેલી, તે અરજીના અનુસંધાનમાં મેડીકલ બોર્ડ દ્વારા એપેલેન્ટની કાયમી ખોડ તરીકે ૨ % (બે ટકા) નુકશાની આપેલ છે. સદર મેડીકલ બોર્ડનો નિર્ણય ઈ.એસ.આઈ. એકટ વિરૂધ્ધનો છે. સદર કાયદા પ્રમાણે ૪૦ % (ચાલીસ ટકા) કાયમી ખોડની નુકશાની મેળવવા હકકદાર હોવાથી આ અપીલ કરવાની ફરજ પડેલ છે.

૨. આંક – ૪ થી રીસ્પોન્ડન્ટ ઈ.એસ.આઈ. કોર્પોરેશન દ્વારા જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેમણે એપેલેન્ટને અરવિંદ લિમિટેડની નોકરીની ફરજો દરમિયાન તા. ૧૬/૪/૨૦૧૫ ના રોજ અકસ્માત થતા અકસ્માત રિપોર્ટ મુજબ એપેલેન્ટની જમણી આંખમાં ઈજા થવાના કારણે તા. ૧૭/૪/૨૦૧૫ થી તા. ૨/૬/૨૦૧૫ સુધી સારવાર લીધેલ. મેડીકલ બોર્ડ તેઓને તપાસતા ૨ % (બે ટકા) કાયમી ખોડ માલૂમ પડેલ. જેથી એપેલેન્ટે ૪૦ % (ચાલીસ ટકા) ડીસએબીલીટીની કરેલી ડીમાન્ડ પ્રોપર નથી અને ઈ.એસ.આઈ. એકટમાં પરમીશીબલ નથી. તેથી મેડીકલ બોર્ડ દ્વારા કરવામાં આવેલ આકારણી ઈ.એસ.આઈ. એકટની જોગવાઈ પ્રમાણે ખરી હોવાનું જણાવીને અપીલ ખર્ચ સહિત રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે.

૩. ઉપરોકત હકીકતે હાલની અપીલના નિર્ણય લેવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ:-</u>**

(૧) શું એપેલેન્ટ તેમની અપીલમાં માંગ્યા પ્રમાણેની દાદ મેળવવા હકકદાર થાય છે?

(૨) શું હુકમ?

૪. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે પ્રમાણે છે અને તે માટેના કારણો તેની નીચે આપવામાં આવેલા છે.

**નિર્ણય:-**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદ્દા નં. ૧:-</u>**

૫. એપેલેન્ટ તરફે એપેલેન્ટના વિધ્વાન પ્રતિનિધિશ્રી તેમજ રીસ્પોન્ડન્ટ તરફે ઈન્સ્યોરન્સ સુપ્રિન્ટેન્ડન્ટને સાંભળ્યા. હાલની અપીલ એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એકટ, ૧૯૪૮ ની કલમ - ૫૪(એ) અન્વયે મેડીકલ બોર્ડ ધ્વારા એપેલેન્ટની ખોડ અંગે કરવામાં આવેલ આકારણી સામે દાખલ કરેલી છે. એપેલેન્ટે આંક - ૧ થી રજુ કરેલ અપીલ મેમોમાં દર્શાવેલ હકીકતો પ્રમાણે રજૂઆત કરેલી છે અને અપીલ મેમોમાં માંગ્યા પ્રમાણેની દાદ મંજૂર કરવા જણાવેલ છે. એપેલેન્ટ તરફે અરજીના સમર્થનમાં ઈ.એસ.આઈ. ના સારવારના કાગળો રજુ કરેલ છે. જયારે ઈન્સ્યોરન્સ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીએ તેમની મૌખિક દલીલોમાં ઈ.એસ.આઈ. કોર્પોરેશને આંક - ૪ થી રજુ કરેલા તેમના જવાબમાં જણાવેલી હકીકતો પ્રમાણે મેડીકલ બોર્ડે એપેલેન્ટની

ખોડની કરેલી આકારણી બરાબર હોવાનું તથા તેમાં કોઈ વધારો કરવા યોગ્ય ન હોવાનું જણાવી એપેલેન્ટની અપીલ ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે. ત્યારબાદ આ કેસનું રેકર્ડ ધ્યાનમાં લીધું.

૬. તા. ૨૮/૩/૨૦૧૯ ના રોજ હાલની અપીલની આંખની ઈજા અંગે કરવામાં આવેલી સુનાવણી વખતે ટ્રિબ્યુનલ સમક્ષ આંખના સર્જન, મેડીકલ એસેસર ધ્વારા એપેલેન્ટની ઈજા અને તેની કહેવાતી ખોડ અંગેની ચકાસણી અને તપાસણી કરવામાં આવેલી. એપેલેન્ટ ધ્વારા રજૂઆત છે કે, તેઓને ચાલુ ફરજ દરમિયાન તા. ૧૬/૪/૨૦૧૫ ના રોજ ફરજ દરમિયાન કોસ્ટીક જમણી આંખમાં પડતા જમણી આંખમાં અકસ્માતે ઈજા થયેલ. સદર ઈજાના કારણે જમણી આંખમાં દેખાતું બંધ થઈ ગયેલ હોવાથી કાયમી તકલીફ પડે છે. સદર ઈજાના કારણે જમણી આંખમાં દેખાતું સંપૂર્ણ બંધ થઈ ગયેલ છે તેમજ જમણી આંખમાં સતત અને કાયમી દુ:ખાવો થાય છે, બળતરા થયા કરે છે, લાલ રહે છે તથા સોજો રહે છે. જેના કારણે ડાબી આંખથી ચીવટથી બારીક દૃષ્ટિથી જોઈ શકે તેટલું જમણી આંખથી જોઈ શકતા નથી. રોજીંદી કાર્યવાહીમાં અને ફરજોની કામગીરીમાં કાયમી તકલીફ રહે છે. અકસ્માત અગાઉ જે કામગીરી કરતા હતા તેવી કામગીરી કરી શકતા નથી અને તેઓની કમાવાની શકિતમાં ઘટાડો થયેલ છે. તેઓને કોઈ ઈન્ટરકરંટ/ ઈનકયોરેબલ ડીસીઝ અથવા તો ભૂતપૂર્વ ઈજા હોવાની કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. એપેલેન્ટની ઈજાની મેડીકલ એસેસર ધ્વારા અરજદારની ઈજા અંગે સિવિલ હોસ્પિટલમાં ચકાસણી કરી તથા મેડીકલ પેપર્સ જોતાં તથા એપેલેન્ટને તપાસતાં ડો. દીપક સી. મહેતા M.S. (Optho.) D.O. ના અભિપ્રાય મુજબ ''Very faint corneal opacity in right eye - Due to fall of caustic - So 2% (Two percent) visual Disability is confirmed''. આમ, એપેલેન્ટની જમણી આંખમાં ખાસ કોઈ તકલીફ જણાતી નથી અને તે ધ્યાને લેતા મેડીકલ એસેસર અને યુનિયન એસેસર

ધ્વારા એપેલેન્ટની ખોડ અંગેની જે આકારણી ૨% (બે ટકા) જેટલી કરવામાં આવેલી છે તે કન્ફર્મ કરીને યથાવત રાખવાનું યોગ્ય, વ્યાજબી, ઉચિત અને ન્યાયી જણાય છે.

૭. વધુમાં મેડીકલ એસેસરશ્રી ડો. દીપક સી. મહેતા, M.S. (Optho.) D.O. ની ડીગ્રી ધરાવતા હોઈ જેઓને ઈજાઓ બાબતનું સંપૂર્ણ જ્ઞાન હોઈ તથા આ જ પ્રકારના કામનો તેઓને વર્ષોનો અનુભવ હોઈ તથા સ્વતંત્ર એસેસર હોઈ તે સંજોગોમાં મેડીકલ એસેસર અને યુનિયન એસેસર ધ્વારા એપેલેન્ટની શારીરિક ખોડ અંગે આપેલ અભિપ્રાય સાથે સંમત થવાનું તેમજ એપેલેન્ટ ધ્વારા કાયમી ખોડ અંગે અન્ય કોઈ પુરાવો ના હોઈ અને તે મુજબ એપેલેન્ટની શારીરિક ખોડની આકારણી અંગેનો બોર્ડનો હુકમ યથાવત રાખવાનું ન્યાયના હિતમાં ઉચિત અને વાજબી લાગે છે, તેથી આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૨ અંગે આખરી હુકમ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

## –: હુકમ :–

(૧) એપેલેન્ટની પ્રસ્તુત અપીલ આથી નામંજૂર / રદ કરવામાં આવે છે.

(૨) મેડીકલ બોર્ડ ધ્વારા એપેલેન્ટની શારીરિક ખોડ અંગેની ૨ % (બે ટકા) કરવામાં આવેલી આકારણી કન્ફર્મ રાખવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા. ૧૧/૪/૨૦૧૯

(નિલેશ અશોકભાઈ ઈજનેર)
CODE-GJ00484
ચેરમેન
મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ,
મજૂર અદાલત નં. ૧, અમદાવાદ.

T. H. DAVE, P.A.